જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૮/૨૦૨૦ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૩૮૩/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૬૦ | ૦ | ૧૦૩૬૦ | ૧૬૪૩૭ | ૦ | ૧૬૪૩૭ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૭ | ૦ | ૪૩૩૭ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૪ | ૧ | ૪૫ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૬૦ | ૨ | ૧૪૦૬૨ | ૧૪૬૬૬ | ૨ | ૧૪૬૬૮ |
| | કુલ | ૨૮૮૦૧ | 3 | ૨૮૮૦૪ | ૩૭૧૬૮ | ૨ | ૩૭૧૭૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૮ | ૭,૮૬,૫૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૯૬ | ૧,૯૬,000/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :

### ઘરફોડ ચોરીના આરોપીને પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન
### ( જમાલાપુર પો.ચોકી સ્ટાફ )

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી “ઇ” ડીવીજન નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના માર્ગદર્શન હેઠળ ગુન્હાઓ બનતા અટકાવવા સારૂ તેમજ અત્રેના પો.સ્ટે ખાતે દાખલ થયેલ ગુ.ર.નં.A-૧૧૧૯૧૦૨૧૨૦૦૩૪૧/૨૦૨૦ ધી.ઇ.પી.કો કલમ-૩૮૦,૪૫૪,૪૫૭ મુજબનો ગુન્હો શોધી કાઢવા કરેલ હુકમ અન્વયે જમાલપુર પો.ચોકીના પ્રો.પો.સબ.ઇન્સવી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.હેડ.કોન્સ નરેશભાઇ દેવાભાઇ બ.નં.૮૩૩૧ તથા અ.પો.કો દિપેશ વાલજીભાઇ બ.નં.૫૭૩૨ નાઓને મળેલ બતામી હકિકત આધારે આરોપી નામે વિશાલ ઉર્ફે ટેણી ચંદ્રકાન્તભાઇ સોલંકી ઉ.વ.૨૭ રહે.બ્લોક.નં. ૧૦ ના કાચા છાપરા, સરદારબ્રીઝ હેલ્થ સ્ટાફ ક્વાટર્સ, જમાલપુર અમદાવાદ શહેર હાલ રહે, એ/૨૦૮, ઓમશાંતી નગર ગોલ્ડપ્લસ, લાંભા, ભમ્મરીયા, નારોલ અમદાવાદ નાને સદરી ગુન્હાના કામે ચોરીએ ગયેલ મુદ્દામાલ પૈકી રોકડા રૂ/- ૧૦,૧૪૦/- તથા ગેમેક્ષી કંપનીનો મો.ફોન. કિ.રૂ/-૧૦૦૦/- તેમજ નીકોલ પો.સ્ટેશન ગુ.ર.નં. એ/૧૧૧૯૧૦૧૫૨૦૦૮૧૩/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૪૫૭,૩૮૦ મુજબના ગુન્હાના કામે ચોરીએ ગયેલ મુદ્દામાલ પૈકી એક ઓપો કંપનીનો મો.ફોન. કિ.રૂ/-૧૫,૦૦૦/- નો ગણી રોકડા રૂપીયા તથા બે મો.ફોન મળી કુલ્લે રૂ/-૨૬,૧૪૦/-ની મત્તા સાથે અત્રેના પો.સ્ટેશન તેમજ નીકોલ પો.સ્ટેશનના ઘરફોડ ચોરીના મુદ્દામાલ સાથે પકડી લઇ કોવીડ-૧૯ નો રીપોર્ટ કરાવી સદરીને અત્રેના ગુન્હાના કામે તા-૧૬/૦૮/૨૦૨૦ ના કલાક-૧૭/૦૦ વાગ્યે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે



**કારંજ** પોલીસ સ્ટેશન

## ઈસનપુર પોલીસ સ્ટેશન ના ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી કારંજ સર્વેલન્સ સ્કોડ

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા મે.એ.સી.પી.શ્રી "સી" ડિવીઝન નાઓએ મિલ્કત સબંધી/વાહન ચોરી ગુના શોધી કાઢવા કરેલ સુચના આધારે કારંજ સિનીયર પો.ઇન્સ.શ્રી એફ.એમ.નાયબ સાહેબના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ એસ.આઇ.મકરાણી નાઓની સુચના મુજબ અ.હે.કો. બાબુભાઇ હોથાભાઇ બ.નં.૮૮૪૧ તથા અ.હે.કો.ગણપતભાઈ અમરાભાઈ બ.નં.૩૬૦૩ તથા પો.કો પંકજભાઇ ચેલાભાઇ બ.નં ૪૬૭૭ તથા અ.પો.કો.અબ્દુલલતીફ દિનમોહમદ બ.નં-૫૭૬૫ તથા અ.લો.ર દિનેશભાઇ હેમાજી બ.નં.૧૨૫૫૭ તથા અ.લો.ર. ખોડુભા કનુભા બ.નં.૮૮૮૩ નાઓ સાથે પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૨૩/૨૦વાગે જીલ્લા પંચાયત પાસે આવતા સાથે ના અ.પો.કો. અબ્દુલલતીફ દિનમોહમદ બ.નં-૫૭૬૫ તથા અ.લો.ર દિનેશભાઇ હેમાજી બ.નં.૧૨૫૫૭ નાઓને સંયુક્ત બાતમીથી આરોપી મહંમદ સાલીમ મહંમદ સાહીદ શેખ ઉ.વ.૨૧ રહે,સલીમ ડેકોરેસન ના મેળા ઉપર મેટ્રો ફ્લેટ ની બાજુ મા મસ્તાન મસ્જીદ પાસે વેજલપુર અમદાવાદ શહેરનાને એક સેમસંગ કંપનીનો એમ-૩૧ મોબાઈલ ફોન જેની કી.રૂ.૧૫,૦૦૦/- ની મત્તા નો તથા એક સફેદ ધાતુની ચાંદી જેવી નાની વાટકી કી.રૂ.૪૦૦/- તથા એક નાનો સફેદ ધાતુનો ચાંદી જેવો સીક્કો કી.રૂ.૪૦૦/- મળી કુલ રૂ.૧૫.૮૦૦ નો મુદ્દામાલ સાથે પકડી પાડી સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી ઈસનપુર પો.સ્ટે. ગુ.ર.નં-એ- ૧૧૧૯૧૦૨૨૨૦૧૧૪૦/૨૦ I.PC કલમ - ૩૮૦,૪૫૭, મુજબના રૂ.૫૮,૮૦૦/-ની ઘરફોડ ચોરી નો ગુનાનો ભેદ ઉકેલી આરોપી ને તા.૧૬/૦૮/૨૦૨૦ ના કલાક ૨૩/૫૦વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરી ઈસનપુર પો.સ્ટે સોપવા તજવીજ કરેલ છે અને પ્રસંશનીય કામગીરી કરેલ છે.

**આરોપી નો પુર્વ ઈતિહાસ**

**(૧)વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૦૪/૧૫ ઈ.પી.કો.કલમ ૩૯૫,૫૦૬(૨),૧૧૪જી.પી.એક્ટ૧૩૫(૧) મુજબ**

**(૨) સરખેજ પો.સ્ટે ફ.ગુ.ર.નં.૯૨/૧૬ ઈ.પી.કો.કલમ ૩૭૯,૧૧૪ મુજબ**

**(૩) કાગડાપીઠ પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૧૭/૧૬ ઈ.પી.કો.કલમ ૩૭૯,મુજબ**

**(૪) દાણીલીમડા પો.સ્ટે ફ.ગુ.ર.નં.૯૩/૧૬ ઈ.પી.કો.કલમ ૩૭૯, ૧૧૪ મુજબ**

**(૫) ઈસનપુર પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૮૯/૧૮ ઈ.પી.કો.કલમ ૩૭૯,મુજબ**

**તેમજ એક વખત પાસા થયેલ છે.**



# " શી " ની કામગીરીની વિગત

## વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :

## ગુમ થયેલ દિકરી તેના માતા-પિતાને સોંપતી વસ્ત્રાપુર પોલીસ

પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા મ્હે.સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ રાજેશ અસારી સાહેબ તથા ના,પો.કમિ.શ્રી, ઝોન-૧ શ્રી રવિન્દ્ર પટેલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, "એ" ડીવીઝન શ્રી એમ.એ.પટેલ સાહેબનાઓએ અમદાવાદ શહેરમા" નિર્ભયા ફંડ – safe city project for safety of women હેઠળ મહિલાની સુરક્ષા ને પ્રાધાન્ય આપવા સારુ તેમજ મહિલાઓ જાહેર સ્થળો ઉપર સુરક્ષા અનુભવે તેમજ છેડતી,જાતિય સતામણી જેવા ગુના અટકાવવા મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા અમદાવાદ શહેર ખાતે " POLICE "SHE" TEAM " કાર્યરત કરવામાં આવેલ જે અનુસંધાને મહિલા છેડતીના બનાવો અટકાવવા સારૂ અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર શ્રી વાય.બી.જાડેજા નાઓ માર્ગદર્શન હેઠળ આજરોજ તા- ૧૬/૦૮/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર "શી" ટીમ દ્વારા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.તે દરમ્યાન વસ્ત્રાપુર તળાવ પાસે આવેલ સંજીવની હોસ્પિટલ ત્રણ રસ્તા ખાતે "શી" ટીમના અનાર્મ મ.સ.ઇ. પિન્કીબેન સતિષભાઇ બ.નં.૧૩૫૮૫ તથા અનાર્મ મ.સ.ઇ. ભાવના વીરાભાઇ બ.નં. ૧૩૬૪૯ નાઓ તથા "શી" ટીમના સ્ટાફના માણસો સાથે પહોચેલ તે વખતે ત્યાં એક પંદરેક વર્ષના આશરાની દીકરી જાહેરમાં ગભરાયેલ હાલતમાં ઉભી રહેલ હોય જેથી તેનુ નામ ઠામ પુછતા તે ગભરાયેલ હાલત માં હોય તે પોતાનું નામ બતાવી શકેલ નહીં અને તેના માતા- પિતા તથા રહેવાનું સરનામું પુછતા જણાવી શકેલ નહીં જેથી તેની પાસે રહેલ મોબાઇલ ફોનમાં તેના માતા-પિતાના મોબાઇલ નંબર ચેક કરતા મળી આવેલ હોય જેથી તેના માતા પિતાને તેના મોબાઇલથી  ફોન કરી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે બોલાવતા તેના માતા પિતાએ તેમની દીકરી ઓળખી બતાવેલ હોય અને તે દીકરીનું નામઠામ આર્ચી વિપુલભાઇ જાતે-રાઠી ઉ.વ.૧૫ રહે,૮,શિલ્પ એલેન્ઝા બંગ્લો ભાવિન સ્કુલની સામે થલતેજ અમદાવાદ શહેર નાઓનું જણાવેલ હોય અને તે દીકરી ના માતા-પિતા પાસેથી તેઓની દીકરી હોવાના પુરાવાઓ મેળવી તેમની દીકરીનો કબ્જો સોપી પ્રશંસનીય તથા સરાહનીય કામગીરી કરેલ છે.

## <u>સારી કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ:</u>

અનાર્મ મ.સ.ઇ. પિન્કીબેન સતિષભાઇ બ.નં.૧૩૫૮૫  તથા અનાર્મ મ.સ.ઇ. ભાવના વીરાભાઇ બ.નં. ૧૩૬૪૯ તથા અનાર્મ પો.કો. અશોકભાઇ મગનભાઇ બ.નં ૪૯૦૮. તથા અનાર્મ લો.ર. શંભુભાઇ લક્ષ્મણભાઇ બ.નં.૧૨૦૨ તથા અ.લો.ર.કાજલબેન ગોવિંદભાઇ બ.નં. ૮૭૪ તથા અ.લો.ર. શાંતિબેન ઘેલાભાઇ બ.નં. ૧૧૧૬૧ તથા અ.લો.ર. વનિતાબેન મહેશભાઇ બ.નં. ૧૧૧૭૨ તથા અ.લો.ર. હેતલબેન જીવણભાઇ બ.નં. ૧૦૯૩૭ તથા અ.લો.ર. ક્રિષ્નાબેન શંકરભાઇ બ.નં.૧૧૨૧૩ તથા અ.લો.ર. કડવીબેન રાજશીભાઇ  બ.નં.૧૦૭૯૧



# તડીપાર અટકાયતની વિગત

## શાહીબાગ **પોલીસ સ્ટેશનઃ-**

## અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ગાંધીનગર, ખેડા, મેહસાણા જીલ્લાઓમાંથી તડીપાર ઇસમને પકડતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે તડીપાર ઇસમો ચેક કરવા સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે મે. મ.પો.કમિ.શ્રી "એન" ડિવીઝનના પત્ર ક્રમાંક:"એન "ડીવીઝન/તડીપાર/૯૫૧/૨૦૨૦ તા.૨૯/03/૨૦૨૦ ના હુકમ આધારે બજવણી તારીખથી બે વર્ષ માટે તડીપાર ઇસમ જુની ભોગીલાલની ચાલીના નાકે મળી આવતા જીપીએક્ટ કમલ-૧૪૨ મુજબ તા.૧૬/૦૮/૨૦૨૦ ના કલાક.૧૮/૪૫ વાગે પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે.

આરોપીનું નામ ;-

પ્રદિપસિંહ સ./ઓ.કનુજી રજુજી જાતે- વિહોલ રહે-ભોગીલાલની જુની ચાલી,કેન્સર હોસ્પીટલ સામે,શાહીબાગ,અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિ./કર્મચારી;-

પો.સબ.ઇન્સ.આર.પી.ડાભી તથા અ.મ.સ.ઇ.વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો.રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.હે.કો.પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો.અલ્પેશકુમાર અમૃતલાલ બ.નં.૪૯૮૩ અ.પો.કો.રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો.કુલદિપસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૫૧૧૧ તથા અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ તથા અ.પો.કો.જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.નં.૫૧૧૯ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો.કીરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧ તથા અ.લો.ર. અંકિતસિંહ મહેંદ્રસિંહ બ.નં.૧૨૪૧



# પાસા અટકાયતની વિગત

## સરદારનગર **પોલીસ સ્ટેશનઃ-**

## દેશીદારૂ વેચાણ સારૂ મોકલાવી આપી હેરાફેરી કરતા આરોપીને પકડી પાસા અટકાયત હેઠળ સુરત (લાજપોર) મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપતી ચાંદખેડા પોલીસ

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નરાશ્રી 'એલ' ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી અત્રેના પોલીસ સ્ટેશન ખાતે. પ્રોહી ગુ.ર.નં.૫૧૯૫/ ૨૦૧૯ ગુનાના કામના આરોપી વિષ્ણુભાઇ ડાહ્યાભાઇ રાવળ ઉં.વ.૪૭ રહે. રાવળવાસ, ગામ-બલાસર, તા.કડી, જીલ્લો-મહેસાણા નાનો પોતાના સાગરીતો સાથે મળી પોલીસથી ચોરી છુપી દેશીદારૂ ૩૩૦ લિટર કિં.રૂ. ૬૬૦૦/- તથા એક ટાટા નેનો ગાડી નં.GJ-01-KG-7504 કિં.રૂ. ૩૫,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧ કિંમત રૂ.૫૦૦/- મળી કુલ્લે રુપિયા ૪૨,૧૦૦/- ના મુદ્દામાલ સાથે હેરાફેરી કરતાં મળી આવેલ જેની વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૭૩/૨૦૨૦ તા.૧૪/૦૮/૨૦૨૦ થી સદરી આરોપીને સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૧૬/૦૮/૨૦૨૦ કલાક ૧૩/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ છે.

**કામગીરી કરનાર**

(૧) પો.ઇન્સ. ડી.વી.તડવી

(૨) હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં. ૭૦૦૩

(૩) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૪) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭

(૫) લોકરક્ષક વિશાલકુમાર પ્રભાભાઇ બ.નં.૧૧૨૮૩



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૪૪૬ લીટર દેશી દારૂ, ૨૬૯ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૧ કેસ કરી ૬૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૦૭,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૬/૨૦૨૦**

**વસ્ત્રાપુરઃ** આમ્યા વા/ઓ અમિતભાઇ શુક્લા (ઉ.વ.૩૪)(રહે.વિક્રમનગર ઇસરો કોલોની સેટેલાઇટ) એ તા.૧૬/૦૮/૨૦૨૦ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૧૦/૨૦૧૯ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે આરોપી (૧) ફેઝાન શેખ (૨) તોફીક (૩)હીના (૪) શેખર ટુરીઝમ કંપનીના ઓનર શીવાંગી (૫) સંજય મહેશભાઇ ત્રીવેદી અને (૬)ગોપાલ બાબુલાલ બંસલ (રહે.ક્રીષ્ના એપાર્ટમેંટ, નવા બસ સ્ટેન્ડ સામે, સનાલા રોડ, મોરબી ગુજરાત) એ ભેગા મળી વસ્ત્રાપુર ગુરૂકુલ ત્રીજા માળે હિમાલયા મોલની સામે, સનરાઇઝ પાર્ક રોડ ગેલેક્ષી બજાર ખાતે આવેલ "શેખર ટુરીઝમ કંપની" ખાતે આમ્યાને પ્રલોભનો આપી વિશ્વાસમા લઈ કંપનીના મેમ્બરશીપ પેટે તેમની પાસેથી કુલ રૂપિયા ૧,૦૫,૦૦૦/- મેળવી લઈ કંપની દ્વારા કોઇ ફેસીલીટી નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.જાડેજા ચલાવે છે.

**નારણપુરાઃ** અર્ચનાબહેન વા/ઓ દિપ્લેસભાઇ સંઘવી (ઉ.વ.૪૬)(રહે.વિશ્વેસ ટાવર નારણપુરા ચાર રસ્તા પાસે નારણપુરા) એ તા.૧૬/૦૮/૨૦૨૦ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૮/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી તેજશ કાંન્તીલાલ શાહ (રહે.અશોકવિહાર ન્યુ સી.જી.રોડ, ચાંદખેડા) એ અર્ચનાબહેનના ઘરે વેચાણ કરાર મુજબ તેમની BMW કંપનીની ૫૨૦/ડી મોડલની ગાડી નંબર જી.જે.૦૧. કે.એચ.૦૨૩૪ લોનના માસીક રૂપિયા ૫૩,૩૫૦/- ના ૦૫ હપ્તા ભર્યા બાદ બાકી હપ્તા ભરવાનુ બંધ કરી ઉપરોક્ત ગાડી બારોબાર બનાસકાંઠા જીલ્લાના દિયોદર તાલુકાના લવાણા ગામ ખાતે રહેતા દશરથકુમાર હિરાભાઇ વાઘેલા (હાલ રહે.ગાંધીનગર) નાઓને ત્યા ગીરીવી મુકી અર્ચનાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જી.જાદવ ચલાવે છે.

**સરદારનગરઃ** સરસ્વતીબહેન ડો/ઓ અર્જુનભાઈ સાહો (ઉ.વ.૨૩) (રહે.વિભાગ-૧, સ્વીમનપાર્ક સોસાયટી નોબલનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૮/૨૦૧૯ બપોરના ૧/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના મોબાઈલ ફોનમાં રિચાર્જ પુરૂ થઈ જતા રિચાર્જ કરાવવા સારૂ સરસ્વતીબહેને તેમના ભાઈના ફોનથી ઈન્ટરનેટ ચાલુ કરી મોબાઇલમાં ગુગલ પે થી પોતાના મોબાઈલ નંબરનું રિચાર્જ કરાવેલ. જે રીચાર્જ કોઈ કારણોસર આવેલ નહી, જેથી સરસ્વતીબેને "ગુગલ પે હેલ્પ લાઈન નંબર" સર્ચ કરેલ અને ત્યારબાદ સરસ્વતીબહેનના મોબાઇલ ઉપર મોબાઈલ નંબર ૮૩૯૨૦૮૮૦૧૬ ના ધારકે ફોન કરી સરસ્વતીબહેનને વિશ્વાસમાં લઈ રિચાર્જના નાણા પરત કરવાનુ કહી બીજા મોબાઈલ નંબર ૬૨૮૯૬૯૪૬૧૧ અને ૬૨૯૫૩૯૫૦૬૭ થી વાત કરી, સરસ્વતીબહેનના બેન્કના ખાતામાંથી કુલ રૂપિયા ૪૭,૧૧૩/- તેઓના ખાતામાં ડેબીટ કરાવી લઈ, સરસ્વતીબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.બી.બારડ ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૩૮૭/૨૦૨૦

**સરદારનગરઃ** દિપકભાઇ ચંદુભાઇ હરચંદાણી (રહે.સરગમ ફ્લેટ સામે અંજલી જનરલ સ્ટોરની બાજુમા કુબેરનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૮/૨૦૨૦ સાજના ૬/30 થી તા.૧૬/૦૮/૨૦૨૦ રાતના ૯/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૦૨,૬૦૦/- અને રોકડ રૂપિયા ૩૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૮,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.બી.બારડ ચલાવે છે.

## વિજ કરંટ લાગતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૩૮૮/૨૦૨૦

**ઇસનપુરઃ** હીરેન ગોરધનભાઇ મિસ્ત્રી (ઉ.વ.૫૨) (રહે.શિવપાર્ક સોસાયટી, ગોવિંદવાડી ઇસનપુર) તા.૧૫/૦૮/૨૦૨૦ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે મોબાઇલ ફોન ચાર્જીગ કરવા માટે ફોનનુ ચાર્જર ઇલેક્ટ્રીક બોર્ડના પ્લગમા લગાવવા જતા વિજ કરંટ લાગતા, બેભાન થઇ જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં લઈ જતા સારવાર દરમ્યાન રાતના ૮/૪૫ વાગે તેમનુંમૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાવજીભાઇ નાથાભાઇ ચલાવે છે.

**<u>ભુલથી એસીડ પી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૮૯/૨૦૨૦</u>**

**ઓઢવઃ** સુરેશભાઇ કાંતીભાઇ સોલંકી (ઉ.વ.૫૨) (રહે.રેવાભાઇ રબારીની ચાલી ઓઢવ) તા.૧૬/૦૮/૨૦૨૦ કલાક ૮/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ભુલથી એસીડ પી જતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાંતીલાલ જીવાજી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૯૦/૨૦૨૦</u>**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** નિરવ ગિરધરલાલ વાઘેલા (ઉ.વ.૩૧) (રહે. મહાત્મા ગાંધી કુંજ સોસાયટી પદમાવતી એપાર્ટમેન્ટ સામે ભુદરપુરા રોડ આંબવાડી) એ બીમારીથી કંટાળી તા.૧૬/૦૮/૨૦૨૦ સાજના ૫/૪૦ વાગ્યા પહેલા સાબરમતી નદીના પશ્ચિમ કિનારે હરિહરાનંદ આશ્રમની પાછળ એલિસબ્રિજ પુલ નીચે ઘાટ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગદીશચંદ્ર આત્મરામ ચલાવે છે.

**વાસણાઃ** સુમિતકુમાર લલીતકિશોર તિવારી (ઉ.વ.૨૧) (રહે.મિલ્લત કોલોની ગુપ્તાનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૮/૨૦૨૦ કલાક ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દાનાભાઇ ડાહ્યાભાઇ ચલાવે છે.

**નારોલઃ** ખૈરૂનીશા વા/ઓ દીનમહોમદ મન્સુરી (ઉ.વ.૫૦) (રહે. ગોલ્ડનપાર્ક અલીફનગરની બાજુમાં, નારોલ-વટવા કેનાલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૮/૨૦૨૦ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૮/૨૦૨૦ રાતના ૮/૨૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.અમલીયાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી